## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આજે ઠંડી ઘટી છે તો નહાવાનો પ્રયત્ન કરી જોઉ...!!

# કેશબેક બોનસની લાલચ આપી ઠગે શિક્ષકનું રૂ.૫ લાખનું ફુલેકુ ફેરવ્યું

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગરના છાલા ગામની શાળાના શિક્ષકને ક્રેડીટ કાર્ડ પર કેશબેક બોનસ પોઈન્ટની લોભામણી લાલચ આપી એકાઉન્ટમાં રૂપીયા કન્વર્ટ કરવાના બહાને એક્સિસ બેંકની એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને ઠગ શખ્સો રૂ.૫ લાખથી વધુની છેતરપિંડી આચરતા સાયબર ક્રાઈમ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાલજ ગામની જીત રેસીડેન્સીમાં રહેતા રજનીકાંત જશવંતલાલ ઠાકર છેલ્લા વીસ વર્ષથી છાલા ખાતે એમ.કે.શાહ સર્વોદય સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે. તેમનો પગાર એક્સિસ બેંકના ખાતમાં થતો હતો. આ ખાતા સાથે તેમનુ મોબાઈલ નંબર અને પેટીએમ લીંક છે. ગત તા.૧૭-૯-૨૨ ના રોજ સાંજના સમયે કોઈ અજાણ્યા નંબર પરથી એક્સિસ બેંકમાંથી બોલુ છુ તેમ કહી શખ્સે વાત કરી હતી. તે શખ્સે ક્રેડીટ કાર્ડ પર મળેલા બોનસ પોઈન્ટ કેશબેક રકમ રૂ.૪૫૦૦ જનરેટ થયાનું કહ્યું હતું. આ રૂપીયા એક્સિસ બેંકના ક્રેડીટ કાર્ડમાં ક્રેડીટ કરી તેનો ખરીદી કરવામાં ઉપયોગ કરી શકો છો તેવી લાલચ આપી હતી. ત્યારબાદ શખ્સે રજનીકાંતભાઈ પાસે એક્સિસ બેંકની એપ્લિકેશન ઓપન કરાવી ક્રેડીટ રાર્ડ ઉપર કલીક કરવાનું કહ્યું હતું. જેથી તેઓએ પ્રોસેસ કરી હતી. પરંતુ કોઈ કારણોસર આગળ પ્રોસેસ થઈ ન હતી. જેથી અજાણ્યા શખ્સે તેમને એક વોટસએપ ઉપર કાર્ડની ફાઈલ મોકલી જરુરી વિગતો ભરવા માટે કહ્યું હતું.જેથી રજનીભાઈને બોગસ કોલ હોવાનો અંદાજ આવી ગયો હતો.જેથી તેઓને વિશ્વાસ લેવા માટે મુંબઈ હેડ ઓફિસથી દુધનાથ ગુપ્તા બોલતો હોવાનું કહી એક્સિસ બેંકનુ ઓળખકાર્ડ મોકલી આપ્યું હતું. ત્યારબાદ રજનીભાઈ તેઓની વાતમાં આવી ગયા હતા. એપ્લિકેશન રીવર્સ પોઈન્ટ રીડીમના ઓપ્શન પર કલીક કરાવી નામ, સરનામું, તેમજ ઈમેલ અને ડેબીટ કાર્ડની વિગતો ભરાવી સબમીટ કર કલીક કરવા માટે કહ્યું હતું. જે પ્રોસેસ કર્યા પછી તેણે પાન કાર્ડ નંબર મેળવી ઈમેલમાંથી ઓટીપી માંગ્યો હતો. જો કે તેમનુ ઈમેલ આઈડી બંધ હતું. જેથી ગઠીયાએ ગુગલમાં ઈમેલ આઈડી ચેન્જ કરવાની પ્રોસેસ કરી હતી. ત્યારબાદ પેટીએમ અપડેટ કરી પાનકાર્ડ વેરીફાય કરાવી પેટીએમ એપ્લીકેશન ખોલાવી પાસબુક પર કલીક કરી અપડેટ કરવા કહ્યું હતું. ત્યારબાદ કેવાયસી અપડેટ કરવાના બહાને ઓટીપી મેળવી ફોન મુકી દીધો હતો. ત્યારે થોડીવારમાં જ બેંકમાંથી મેસેજ આવ્યો કે પેટીએમમાં રૂ.૨, ૩૯,૬૩૫ છે. જે ચેક કરતા લોન ટ્રાન્સફર થયેલી હતી. રાત્રે ગઠીયાએ ફોન કરી ભુલથી ટ્રાન્સફર થયાનું કહી એન્ટ્રી સવારે હટાવી દેવાની વાત કરી હતી.જયારે બીજા દિવસે વારાફરતી રજનીભાઈના એકાઉન્ટમાંથી રૂ.૫.૧૦ લાખથી વધુની રકમ ઉપડી જતા છેતરપિંડીનો અહેસાસ થતા સાયબર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# રોહિદાસ સેવા સમાજની સાધારણ સભામાં મારામારી

**"તે મને કેમ કોર્પોરેટરની ટીકીટ માટે સહકાર આપ્યો નહી" કહીને પ્રમુખને ગડદાપાટુનો માર માર્યો**

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૬ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભામાં મારામારીના દ્રશ્યો સર્જાયા છે. રોહિદાસ સેવા સમાજના પ્રમુખને "તે મને કેમ કોર્પોરેટર માટેની ટીકીટ મેળવવા માટે સહકાર આપ્યો નહી" તેમ કહી સમાજના સભ્યએ ફેંટ પકડી જેમ ફાવે તેમ ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે પ્રમુખને બચાવવા ગયેલા અન્ય સભ્યને પણ હુમલાખોરે લાફા ઝીંક્યા હતા. ત્યારબાદ સ્ટેજ પર બેઠેલા સમાજના અન્ય સભ્યોએ બચાવ્યા હતા.જયારે ત્રણેય જણાએ અમારી સાથે માથાકુટ કરશો તો જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપ જતા રહ્યા હતા. ત્યારે આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો ત્રણ વ્યકિત સામે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં.૭૨૯-૧ ખાતે રહેતા ૬૩ વર્ષિય ડાહ્યાભાઈ હરજીભાઈ પરમાર પરિવાર સાથે રહે છે અને સમાજસેવાના કાર્ય કરે છે.

જયારે ડાહ્યાભાઈ પરમાર છેલ્લા દોઢ વર્ષથી સંત શ્રી રોહિદાસ સેવા સમાજ સેકટર-૬ ગાંધીનગર ગુજરાતના પ્રમુખ તરીકે સેવા આપે છે.જયારે ગત તા.૧૨ ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે રોહિદાસ સેવા સમાજ મંદિરના હોલમાં સાધારણ સભા યોજાઈ હતી. તે સમયે સંસ્થાના અન્ય કારોબારી સભ્યો સ્ટેજ પર હાજર હતા. તે દરમિયાન બપોરે ૩.૩૦ કલાકે સભામાં હાજર નેહલભાઈ ખાનાભાઈ પરમાર અને તેમનો દિકરો પાર્થ નેહલ પરમાર (રહે. ઈન્ફોસીટી ટાઉનશીપ મકાન નં.બી-૩૦) અને સેકટર-૫ એ પ્લોટ નં.૩૧૯-૧ માં રહેતા ડાહ્યાભાઈ રામજીભાઈ પરમાર એકદમ ઉશ્કેરાઈ જઈને સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ ભગવાનદાસ પરમાર બેઠા હતા. ત્યાં સ્ટેજ પર આવીને જેમ ફાવે તેમ ગાળો બોલીને કહેવા લાગ્યા કે તે મને કોર્પોરેટર માટેની ટીકીટ મેળવવા માટે સહકાર આપ્યો ન હતો. તે સમયે ઝપાઝપી કરીને નેહલ પરમારે અચાનક સમાજના પ્રમુખનુ ગળુ પકડી લીધુ હતું. પ્રમુખે ગાળો બોલવાની ના પાડતા ત્રણેય જણા ઉશ્કેરાઈ જઈને ગડદાપાટુનો માર માર્યો હતો.

જયારે સભામાં હાજર ગોવિંદભાઈ રાઠોડ બચાવવા માટે વચ્ચે પડતા તેમને પણ પાર્થ પરમારે ધક્કો મારી લાફા માર્યા હતા. ત્યારબાદ સ્ટેજ પર હાજર સભ્યોએ વધુ મારમાંથી બચાવ્યા હતા.

ત્યારબાદ જો અમારી સાથે માથાકુટ કરી તો તને અને પરિવારને જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપતા પ્રમુખ ડાહ્યાભાઈ પરમારે સેકટર-૭ પોલીસ મથકે નેહલ પરમાર, પાર્થ પરમાર અને ડાહ્યાભાઈ પરમાર સામે ફરીયાદ નોંધાવી છે.



જે.એમ. ચૌધરી પૂર્વ પ્રાથમિક વિભાગના નર્સરી, જુનિયર કે.જી., સિનિયર કે.જી.ના નાના ભૂલકાઓ અને શાળાના શિક્ષિકા બેન આચાર્યબેન અંજના ચૌધરીએ મંગળવારે પુલવામાં શહીદ થયેલ જવાનોને મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને કાળી રીબીન લગાવી હતી.

## ખૂણેખાંચરેથી

● આગામી ૧૭મીએ યોજાનાર પંચાયત પદાધિકારીઓની બેઠકને લઈ તંત્રએ તૈયારીઓ વેગીલી બનાવી છે.

● આજે વેલેન્ટાઈન ડે ને લઈ ગિફ્ટ શોપ્સમાં ઘરાકી જોવા મળી હતી.

● દહેગામના વેપારી અપહરણકાંડમાં ટ્રાન્સફર વોરંટથી પકડાયેલ આરોપીઓને આજે એક દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે.

● લોકનિકેતન હાઈસ્કૂલ માણસા ખાતે આજે એક દિવસીય ખેડૂત તાલિમ શિબિરમાં ૬૦૦થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા.

● આલમપુર ખાતે બાગાયતી પાકો તેમજ ગામ આધારિત ખેતી અપનાવવા માટે તાલિમ શિબિરમાં ખાસ માર્ગદર્શન અપાયુ હતુ.

● દહેગામમાં યોજાયેલ દિક્ષા મહોત્સવ પછી આજે સાધ્વીજી વિહાર માટે રવાના થતાં ગ્રામજનોએ ભાવભરી વિદાય આપી હતી.

● દહેગામના બહિયલમાં જુગાર રમતા ૩ ઈસમો ઝડપાયા : પોલીસની રેડ દરમ્યાન બે ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા.

● કલોલના નારદીપુર ગામે લાકડા લેવા બાબતે શખ્સે આધેડ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગર સે. ૨૫માં આવેલ સોસાયટીમાંથી તસ્કરોએ બાઈકની ચોરી કરતાં વસાહતીઓમાં ભયની લાગણી પ્રસરી છે.

● રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમને મળેલ ભેટ-સોગાદોની હરાજી કરી થનારી આવકમાંથી કન્યા કેળવણી માટે ખર્ચ કરશે.

● સિંગતેલના ભાવમાં વધારો થતાં ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખના પી.એ. વી.ટી. સોની પર પથરીની સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. ૬ એમ.એમ.ની પથરી નીકળી છે.

● જિલ્લામાં આજે ૧૮૨ સ્થાનો પર આરોગ્ય જાગૃતિ અંગે સાયક્લોથોન યોજાયુ હતુ. કલોલના જાસપુરમાં ધારાસભ્ય લક્ષ્મણસિંહ ઠાકોર સાયક્લોથોનમાં જોડાયા હતા.

● આજે નવા સચિવાલય ખાતે એસ.ટી. નિગમના પડતર પ્રશ્નો અંગે રાજયમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષપદે બેઠક યોજાઈ હતી જેમાં ૮૧ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરાયો હતો.

● ગાંધીનગર મનપામાં આજે બેઠકોનો ધમધમાટ જોવા મળ્યો હતો.

● આજે માણસાના ખાટા-આંબા ગામે પ્રાકૃતિક ખેતી અંગે તાલિમ શિબિરનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૨૨ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા હતા.

# શહેરના સેકટર-૨૫માંથી સીટી-૧૦૦ બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગરમાં વાહનચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. ચોર શખ્સોને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં ઘર પાસેથી બાઈકની ચોરી થવા પામી છે. ઘર પાસેના વાહનો પણ ચોરી થતા નાગરીકોમાં પણ ડરનો માહોલ છવાયો છે.ત્યારે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટર-૩ બી પ્લોટ નં.૨૭૫-૧ ખાતે રહેતા હીરજીભાઈ દેવજીભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને કોમ્પ્યુટર સેલ્ફ એન્ડ સર્વિસનો ધંધો કરે છે. તેઓની પાસે બજાજ સીટી-૧૦૦ બાઈક નં. જી.જે.૧૮.સી.એસ.-૧૧૯૩ નો ઉપયોગ ઓફિસના કામકાજ માટે ઉપયોગ કરતા હતા. ગત તા.૯ ફેબ્રુઆરીના રોજ રાત્રીના ૯ કલાકે ઓફિસનું કામકાજ બંધ કરી ઓફિસમાં નોકરી કરતા મોતીભાઈ રબારી બાઈક લઈ સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી પ્લોટ નં.૨૯૫-૨ ખાતે તેમના ઘરે ગયા હતા. ઘર પાસે બાઈક પાર્ક કરીને બીજા દિવસે સવારે ૮ વાગે નોકરી આવવા માટે બાઈક લેવા જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.જેથી આસપાસના વિસ્તારમાં શોધ કરી છતા મળી આવ્યું ન હતું. જેથી હીરજીભાઈએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# વજાપુરા ગામે બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના વજાપુરા ગામે યુવકનું બાઈક સ્લીપ ખાઈ જતા યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના વજાપુરા ગામે રહેતા શંકાજી વિશાજી પરમાર ખેતી કરે છે અને પરિવાર સાથે રહે છે. ગત તા.૧૩ ના રોજ રાત્રીના સમયે શંકાજી પત્ની લક્ષ્મીબેન સાથે ઘરે હાજર હતા. તે સમયે તેમનો દિકરો મનીષ શંકાજી મકવાણા બાઈક નં.જી.જે.૧૮.ડી.ક્યુ-૮૧૬૦ લઈને વજાપુરાથી ડભોડા જવા માટે રાત્રીના સાડા આઠ વાગે નીકળ્યો હતો. ત્યારે ઘરની આગળ રોડ ઉપર ચોકમાં અચાનક તેનુ બાઈક સ્લીપ ખાઈ જતા ચાલક યુવક નીચે પડી ગયો હતો. અકસ્માતને પગલે તેના પિતા દોડીને તેની પાસે ગયા હતા.

યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી લોહી નીકળતા તાત્કાલીક ૧૦૮માં સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ લાવ્યા હતા.જયાં ફરજ પરના તબિબે ચકાસીને મનિષને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સેકટર-૨૫ ઘર પાસે પાર્ક કરેલી ઈકો કારનું સાયલેન્સર ચોરાયું

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં ઈકોના સાયલેન્સર ચોરીની ઘટનાઓ પણ વધી રહી છે. ત્યારે સેકટર-૨૫ સહકાર કોલોનીમાં ઘર પાસે પાર્ક કરેલી ઈકો કારનું સાયલેન્સર ચોરી થવાની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે સાયલેન્સર ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નગરના સેકટર-૨૫ સહકાર કોલોની ખાતે રહેતા જગુજી અમૃતજી મકવાણા પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવીંગ કરતા જગુજીના પરિવારમાં પત્ની અને બે દિકરા છે. તેઓની પાસે ઈકો કાર નં. જી.જે.૧૮.બી.ટી.-૪૪૫૧ છે. તેઓ કારનો ઉપયોગ કામ અર્થે કરતા હતા. ગત તા.૩૦ જાન્યુઆરીના રોજ જગુજી મકવાણાના પ્રાંતિજ ખાતે લગ્ન સમારોહમાં ગયા હતા. રાત્રીના સાડા દશ વાગે ઘરે આવી ઈકો ગાડી ઘર સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. જયારે બીજા દિવસે સવારે સાડા દશ વાગે ઈકો ચાલુ કરતા અવાજમાં ફેરફાર જણાયો હતો. જેથી ઈકો ગાડી લઈ નંદા શો રૂમ ખાતે રીપેર કરાવવા માટે ગયા હતા. જેથી રીપેરીંગવાળા ભાઈએ સાયલેન્સર ચોરી થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. જયારે ચોર શખ્સ કંપનીનું સાયલેન્સર ચોરી કરી અન્ય સાયલેન્સર ફીટ કર્યુ હતુ. જેથી જગુજી મકવાણાએ રૂ.૫૦ હજારના સાયલેન્સર ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## હડમતિયા નીલકંઠ મહાદેવ ખાતે સાર્વજનિક મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં ટીપી-૯ નજીકના વાસણા હડમતિયાના શ્રી નીલકંઠ મહાદેવ મંદિર ખાતે હડમતિયા ગોસ્વામી પરિવાર અને સરગાસણ વસાહત મંડળના સયુંકત ઉપક્રમે આગામી તા. ૧૮મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રી મહોત્સવ નિમિત્તે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાયરામાં સરગાસણ વિસ્તારના સમસ્ત વસાહતીઓને ડાયરામાં આવવા આયોજકો દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ડાયરો મહાશિવરાત્રીએ રાત્રિના ૮:૧૫ કલાકે યોજાશે.

# આર્યસમાજ ખાતે મહર્ષિ દયાનંદ અને સંસ્કૃત વિશે દ્વિદિવસીય શોધ સંગોષ્ઠી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના મોરબી જિલ્લાના ટંકારા ગામમાં જન્મેલા પ્રસિદ્ધ સમાજસુધારક અને સંસ્કૃત તથા વેદોના પ્રખર વિદ્વાન સ્વામી દયાનંદ સરસ્વતીના ૨૦૦મી જન્મજયંતી પ્રસંગે તા. ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ આર્યસમાજ મંદિર ગાંધીનગર ખાતે મહર્ષિ દયાનંદ અને સંસ્કૃત વિષય પર દ્વિદિવસય રાષ્ટ્રીય સંગોષ્ઠી સંપન્ન થઈ. આ સંગોષ્ઠીનો શુભારંભ સામવેદ મહાયજ્ઞના માધ્યમથી થયો. આ યજ્ઞમાં બ્રહ્મા અને અદ્દ્ઘાટન સત્રના અધ્યક્ષ સ્વામી શાન્તાનંદ સરસ્વતી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હા અને મુખ્ય વક્તા તરીકે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના નિયામક પ્રો. કમલેશકુમાર ચોકસીએ દયાનંદ જીના સંસ્કૃતલક્ષી કાર્યો વિશે માહિતી આપી હતી. આ સેમિનારમાં કુલ ૬ સત્રોમાં વિવિધ વક્તાઓએ મહર્ષિ દયાનંદના સંસ્કૃત વિષયક ૩૦ જેટલાં ગ્રંથોમાં સંસ્કૃત વિષયક પ્રદાન વિશે પોતાના વિચારો અને શોધપત્રો રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમમાં શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યરત શિક્ષકો, અધ્યાપકો, શોધછાત્ર અને વેદાનુરાગી શ્રોતાગણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતાં. કાર્યક્રમને સફળ સંયોજક ડૉ. ભાવપ્રકાશ ગાંધીએ અને આર્યસમાજના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# લોકનિકેતન હાઈસ્કૂલ માણસા ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ




ગાંધીનગર, તા. ૧૪

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા "પ્રાકૃતિક કૃષિ–"બગાયતી ખેતીનું નવું આયમ" થીમ હેઠળ તા.૧૩.૦૨.૨૦૨૩ના રોજ વિઠ્ઠલદાસ હુકમચંદ હાઈસ્કૂલ (લોકનિકેતન હાઈસ્કૂલ), તા.માણસા, જી.ગાંધીનગર ખાતે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ, મિશન મદમાખી કાર્યકર્મ, અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ જેવા વિવિધ વિષયો અંગેની માહિતી ખેડૂત તાલીમ શિબિરમાં આપવામાં આવેલ. જેમાં માણસાના ૬૫૩ જેટલા ખેડૂત ભાઈ અને બહેનો હાજર રહી માર્ગદર્શન મેળવેલ. આ તાલીમમાં ડૉ. પ્રિયંકા પ્રજાપતિ દ્વારા બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ અને નેશનલ મિશન ફૉર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર (એન.એમ.એસ.એ.) વિષય માહિતી આપવામાં આવી. મદદનીશ બાગાયત નિયામક શ્રીમતી વૈશાલીબેન કેવડીયા દ્વારા કેનિંગ અને અર્બન હોર્ટિકલ્ચર ની યોજનાઓ ની માહિતી આપવામાં આવી. શ્રી ગણપતસિંહ વાઘેલા દ્વારા મિશન મદમાખી કાર્યક્રમ અંતર્ગત મદમાખી પાલન થકી ફલીનીકરણમાં વધારા કરી ઉત્પાદનમાં વધારો કરવા તેમજ ખેડુતોની એક પૂરક આવક ઉભી થાય તે અંગેની માહિતી આપવામાં આવી.

# પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૯મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૯મો સમૂહ લગ્નોત્સવ દબદબાભેર ઉજવાઈ ગયો. તેમાં સમાજના ૮ હજાર કરતાં પણ વધારે જ્ઞાતિજનોએ આ સમૂહલગ્નની અંદર ભાગ લીધો હતો. સાથે આ સમૂહલગ્નની અંદર ૧૯ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. સમાજના પ્રમુખ અમૃતભાઈ એમ. પ્રજાપતિ, સમાજના મંત્રી રમેશભાઈ એસ. પ્રજાપતિ, સમૂહલગ્નના કન્વીનર અરવિંદ ભાઈ એમ. પ્રજાપતિ તથા સમૂહલગ્નના સહ કન્વીનર કનુભાઈ એલ. પ્રજાપતિ તથા સ્વામી વિવેકાનંદ યુવામંચ કન્વીનર જશુભાઈ તથા પૂર્વ પ્રમુખો અને મંત્રીઓ તથા ઉપપ્રમુખો અને કારોબારી સભ્યો બ્રહ્માણી ગૌરવમંચના યુવાનો, તથા મહિલા પાંખની બહેનો તથા સમાજના વડીલો તથા સલાહકારો, સમિતિના કાર્યકરો તમામે સહિયારો પુરૂષાર્ષ કરી લગભગ દોઢેક મહિનાના અથાગ પુરૂષાર્થ બાદ આ આખા આયોજનને પાર પાડવાનું ભગીરથ કાર્ય કર્યુ હતું. વિશેષ આકર્ષણ સમાજના પૂર્વ પ્રમુખ નારાણભાઈ એસ. પ્રજાપતિ (ગાંધીનગર) તથા પૂર્વમંત્રી જગદીશભાઈ પ્રજાપતિ (દહેગામ)ને તેમની દીર્ઘકાલીન સેવા બદલ શાલ તથા સન્માનપત્ર અર્પણ કરી સમાજ દ્વારા નવાજવામાં આવ્યા હતા.

# રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી ખાતે વડીલોને ભોજન પીરસ્યું



ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલોને ભુપેન્દ્રભાઈ બી. શાહ અમદાવાદ તરફથી તેમની પત્નિ રશ્મિનબેન શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સંસ્થાના વડીલોને ભોજન આપવામાં આવ્યું હતું. સંસ્થાવતી પ્રમુખ નિર્મલાબેન અને ઉપપ્રમુખ યશવંતસિંહ ઝાલાએ આભાર માન્યો હતો.

# કે. કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે નિવૃત્ત સન્માન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

કોલવડા કેળવણી મંડળ સંચાલિત કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે નિવૃત્ત સન્માન તથા ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

# ઈસનપુર મોટા ખાતે કેનેડિયન પ્રતિનિધિ મંડળે વિવિધ ક્ષેત્રની મુલાકાત લીધી



ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે કેનેડા સ્થિત કેનેડિયન પ્રતિનિધિમંડળ ક્ષેત્રીય મુલાકાત લીધી હતી. તેમણે બટાકા અને ઘઉં પર નેનો યુરિયા અને સાગરિકા નિદર્શન ક્ષેત્રની મુલાકાત લીધી હતી. સાથોસાથ પીએસીએસ કન્ઝ્યુમર સ્ટોરની મુલાકાત લીધી હતી. પીએસીએસમાં ગામના પ્રગતિશીલ ખેડૂતો સાથે બેઠક યોજાઈ હતી. પાક પર નેનો યુરિયા અને સાગરિકાની અસર પર ચર્ચા કરવામાં આવી. ઈસનપુર મોટા સેવા સહકારી મંડળીના ચેરમેન ગિરીશભાઈ આર. પટેલ તથા પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યા હતા.